

ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫



અસરાનીના અરમાન ક્યારેય પુરા જ ન થયા... Pg.2




અદિતી એક દિવસ માટે અદશ્ય થાય તો શું કરે? Pg.4



## નકલથી સાવધાન

# સ્ટાર્સ માંગે AI સામે એક્શન




**લોકો હીરોનાં નામ અવાજ, કપડાં કોપી કરતા.. કેટલાયે લોકોનું નામ રાજ, પ્રેમ, રાહુલ, દિલીપ, ધર્મેન્દ્ર, આશા, મીના એટલે જ રાખવામાં આવતા કે તેમને એ કલાકાર ગમતા હતા, પણ ડિજિટલ અને સોશિયલ મીડિયાનાં જમાનામાં આ પરિસ્થિતિ "ટ્રેન્ડ" બની છે.....**

મોટા પરદે દેખાતા કોઈ કલાકારનું સપનું શું હોય? એ જ તેના ચહેરાને જનતા યાદ રાખે, આંખ દેખાતા જેમ ખબર પડે કે આ તો ઐશ્વર્યા જ છે. તેનો અવાજ સાંભળી કહી દે કે આ તો બચ્ચન છે.. 'હાંઈ...' તેના દ્વારા બોલાયેલા ઝક્કાસ.. ડાયલોગને લોકો કહેવતની જેમ વાપરે, ગાયક હોય તો ગાયક બનવા માગતા લોકો તેના અવાજમાં જ ગીતો ગાય, હેરસ્ટાઈલ કોપી કરે, તેના જેવા કપડાં પહેરે, કે તેની જેમ દેખાવાની તમામ કોશિશો કરે. જો આવું કોઈ એક્ટર સાથે થાય ત્યારે માની લેવાનું કે સુપરસ્ટાર બની ગયો છે પણ હવે બોલિવૂડના કલાકારો તેમના અવાજ, ફોટો, કે તેમની અન્ય ઓળખને પ્રોટેક્ટ કરવા માંગે છે. એટલે કે આપણે જે વાત કરી તેવું એમના સિવાય બીજું કોઈ જ ન કરી શકે તેવી કાનૂની માગ કોર્ટ પાસે કરી રહ્યા છે. જે હાલ 'ટૉક ઓફ ધી ટાઉન' છે. તો કેમ આ કલાકારો પોતાની પર્સનાલિટીને પ્રોટેક્ટ કરવા માંગે છે? જાણીયે

આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જેમ-જેમ ડિજિટલ થઈ રહી છે, તે સાથે નવી સમસ્યા પણ ઊભી થઈ રહી છે. તેમાની એક સમસ્યા છે કે, જ્યારે એક જાણીતો ચહેરો, એક અવાજ, ડાયલોગ, જે એક કિંમત (મહત્ત્વ) ધરાવે છે -તો તેને કોઈ વ્યક્તિ વિના પરવાનગી ઉપયોગ કરી શકે કેમ? એમ તો સવાલ માત્ર સ્ટાર ગ્લેમર તરફ નથી, પણ આ AI, ડીપફેક અને ઓનલાઈનનું આ દૂષણ કાનૂની અડચણને કારણે માનવ સંવેદનાની દુનિયામાં પણ પ્રવેશી ગયો છે.

પહેલા જાણીએ આ 'પર્સનાલિટી અધિકાર' શું છે? 'પર્સનાલિટી અધિકાર' (Personality | Publicity Rights)નો મૂળ અર્થ છે: એક વ્યક્તિ કે જાણીતી વ્યક્તિ એટલે કે સ્ટાર, સેલેબ્રિટી પોતાના નામ, ફોટો, અવાજ કે ઓળખી શકાય તેવી વસ્તુઓ પર નિયંત્રણ રાખી શકે. કોઈ બીજા તેને પોતાની મરજી (ફાયદો થાય) તેવો ઉપયોગ ન કરી શકે. હાલ ભારતમાં આ બાબતે ખાસ 'પર્સનાલિટી અધિકાર એક્ટ' નથી પણ સામાન્ય રીતે, હાઈ કોર્ટમાં માહિતી-અધિકાર ('આર્ટિકલ 21') આધારે આ અધિકાર સુરક્ષિત થયા છે. એમ તો પહેલાથી લોકો હીરોનું નામ અવાજ, કપડાં કોપી કરતા.. કેટલાયે લોકોનું નામ રાજ, પ્રેમ, રાહુલ, દિલીપ, ધર્મેન્દ્ર, આશા, મીના એટલે જ રાખવામાં આવતા કે તેમને એ કલાકાર ગમતા હતા, પણ ડિજિટલ અને સોશિયલ મીડિયાનાં જમાનામાં આ પરિસ્થિતિ 'ટ્રેન્ડ' બની છે, વાયરલ થઈ છે. એટલે કે ફોટા, વીડિયો, GIFs, મીમ, આ બધા રૂપે આ કલાકારના અવાજ, ફોટા એટલું ઝડપીથી ફેલાય છે. તેને રોકી શકાતું અને અને એથી પણ વધારે મોટી વાત છે. તેમના કોઈ પણ પ્રકારના ફોટો કે અવાજને નકલી રીતે બનાવી શકાય છે, જે હવે સ્ટારની ઓળખનો મુદ્દો બને છે. એમ જોવા જઈએ તો સ્ટાર પોતે એક બ્રૅન્ડ છે. તેમની ઓળખ એક પ્રોડક્ટ બની ગઈ છે. જ્યારે તેઓ એક પ્રોડક્ટને એન્ડોર્સ કરવા કરોડોની ફીઝ લેતા હોય ત્યારે AI કે કોઈ મિમકરી આર્ટિસ્ટની મદદથી ખૂબ ઓછા પૈસે આ ફાયદો મેળવી લેતા હોય છે. થોડા સમય પહેલા જ ગુજરાતમિત્રની સિટીપલ્સમાં પણ સેલેબ્રિટીઝનાં હમશકલો વિષે જાણ્યું હતું. જેઓ સોશ્યલ મીડિયામાં ખૂબ વાયરલ થયા છે અને હવે આ કરતા વધારે ભયજનક બન્યું છે AI દ્વારા તેમના અવાજ, ચહેરાનો ઉપયોગ કરી અશ્લીલ સામગ્રીઓ બનાવવી! ટૂંકમાં આર્થિક નુકસાન, મંજૂરી વગર તેમને કોઈ પણ પ્રોડક્ટ સાથે જોડવામાં આવે અને મોર્ફ કરી તેમની 'ઈમેજ'ને હાનિ પહોંચાડાય આવા કારણોથી આ સ્ટાર્સ પર્સનાલિટી પ્રૉટેક્શનની માંગણીઓ કરી રહ્યા છે. આને કાનૂની દષ્ટિકોણથી જોઈએ તો આર્ટિકલ 21 હેઠળ ભારતીય બંધારણમાં માન-ગૌરવનું રક્ષણ છે, કોર્ટોએ તેને 'પર્સનાલિટી અધિકાર'ના આધાર તરીકે માન્યું છે. જેને સાબિત કરવા હવે સ્ટાર-એજન્સીઓ, પ્રમોશન-ટીમો પુરાવા-એકત્ર કરે છે: કલાકારની ઈમેજ કયા વેસ્ટેડ રૂપમાં છે, કોણ ઉપયોગ કરી રહ્યું છે, કોણ કમાઈ રહ્યું છે, તેની પર બાજ નજર છે. તેઓ આ ડિપ ફેક ટ્રેન્ડ્સ વધી રહ્યા છે. તેઓ URLs બ્લોક કરવા, કોન્ટેન્ટ દૂર કરવા માટે કાર્યવાહી કરે અને અભિનેતાઓને ફરિયાદ કરવા માટે પ્રેરે છે.



સપ્ટેમ્બર 2025માં ઐશ્વર્યાએ અરજી કરી કે તેમના નામ, ફોટો, અવાજ, તેમની અન્ય ઓળખ (likeness)-નો વપરાશ તેની પરવાનગી વિના કરવામાં આવ્યો છે, જેમાં AI-ડિપફેક પણ સામેલ છે. તો પતિ અભિષેક પણ અરજી કરી કે તેમના ફોટો, અવાજનો AIથી બનાવટ કરી વેબસાઈટ્સ પર અનાધિકૃત ગેરવપરાશ સામે તેમને સુરક્ષા જોઈએ છે. આમાં સુનિલ શેટ્ટી પણ જોડાયો છે. બૉમ્બે હાઈકોર્ટમાં અરજી કરી છે કે, સોશિયલ મિડિયા વેબસાઈટ્સ અને ગેમ્બલિંગ-વેબસાઈટ્સ પર તેનો ફોટો, અવાજ પરવાનગી વગર જ ઉપયોગ થઈ રહ્યો છે. તો આ બધામાં સૌથી તાજુ ઉદાહરણ છે, મેગાસ્ટાર ચિરંજીવી. તેમણે આરોપ લગાવ્યો છે કે કેટલીક વેબસાઈટ્સ તેમના નામ અને છબીનો ઉપયોગ કરીને AI ડીપફેક અને પોર્નોગ્રાફિક વીડિયો ફેલાવી રહી છે. તો હૈદરાબાદની કોર્ટે પર્સનાલિટી અધિકારના રક્ષણ સંબંધિત કેસમાં ચિરંજીવીના અવાજ, વીડિયો અને ફોટાનો તેમની પરવાનગી વિના ઉપયોગ કરવા પર રોક લગાવી છે. આદેશમાં જણાવ્યું છે કે ચિરંજીવીના નામ, સ્ટેજ ટાઈટલ 'મેગા સ્ટાર', 'ચીરુ' અને 'અન્નય' જેવા નામ, અવાજ, ફોટો અથવા તેમની અન્ય ઓળખનો કોઈપણ ફોર્મેટ અને મીડિયામાં કોઈપણ વ્યાપારી અથવા વ્યક્તિગત લાભ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ ગેરકાયદેસર છે. આમાં અરિજિત, રીતિક, જેકીશ્રોફ, અનિલ કપૂર જેવા બીજા કલાકારો પણ સામેલ છે.

બોલિવૂડ જ્યારે સ્ટાર્સને ફેમસ બનાવતી ત્યારે હવે 'તેમની ઓળખ' તેમનો અધિકાર પણ બની ગયો છે. ફક્ત સેલિબ્રિટી જ નહીં, પરંતુ મહિલાઓ અને સામાન્ય લોકો આનો ભોગ બની રહ્યા છે. કાયદાકીય નિષ્ણાતો માને છે કે ભારતમાં એક અલગ કાયદો ઘડવો જોઈએ- જેથી દરેક કેસ કોર્ટના અર્થઘટનને આધીન ન હોય. આ અધિકાર ફક્ત સેલિબ્રિટીનો જ નહીં પરંતુ દરેક નાગરિકનો છે, કારણ કે ઓળખ અને પ્રાઈવસી દરેક માનવીના ગૌરવ સાથે જોડાયેલી છે. ●

## મલાઈકાને 50 પાર નથી કરવા

**હકીકતમાં 6 વર્ષ પછી મલાઇકાની ઉંમર 52 વર્ષની થાય. પરંતુ આ મુન્નીને 'એજ ઇઝ જસ્ટ અ નંબર'ના કહેવત પ્રમાણેનો આંકડો પણ નથી ગમતો, એટલે તેણે ઉંમર બદલીને 50 કરી નાંખી**



કહેવાય છે કે સ્ટુડન્ટને માર્ક્સ ન પૂછો, પુરુષોને સેલેરી ન પૂછો અને વુમનિયાને તેની ઉંમર ન પૂછો. કોઇ સાચું નહીં કહે. કંઈક આવું જ કર્યુ ફોરેવર યંગ રહેવા માંગતી મલાઇકા અરોરાએ. વાત એમ બની હતી કે થોડા દિવસો પહેલાં મલાઇકાએ ગોવામાં બહેન અમૃતા અને નજીકના મિત્રો સાથે પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. જેની ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ પણ મૂકી હતી. આ પોસ્ટમાં તેનાં બર્થ-ડે કેક પર 50 લખેલું હતું. તેણે ફોટોમાં કેપ્શનમાં લખ્યું હતું- 'હેપ્પી 50th. ફક્ત મલાઇકાએ નહીં પણ અમૃતાએ પણ 50th બર્થ-ડે જ વીશ કરી. પરંતુ ગણિતમાં કાચી મુન્નીની ગફલત પકડાઇ ગઇ. લોકોએ ટેગ કરીને લખ્યું હતું કે, '2019માં મલાઇકા 46 વર્ષની હતી, તો 2025માં તે 50 વર્ષની કેવી રીતે થાય? આ તે કયું ગણિત?' હકીકતમાં 6 વર્ષ પછી મલાઇકાની ઉંમર 52 વર્ષની થાય. પરંતુ આ મુન્નીને 'એજ ઇઝ જસ્ટ અ નંબર'ના કહેવત પ્રમાણેનો આંકડો પણ નથી ગમતો, એટલે તેણે ઉંમર બદલીને 50 કરી નાંખી. ભલે ગમે એટલું છુપાવીએ પણ ટેક્નોલોજીના આ જમાનામાં છાનુંરે છપનું કાંઇ થાય નઈ. તમે ગૂગલ કરશો કે ગણિત વાપરશો તો તમને ખબર પડી જશે કે 23 ઓક્ટોબર 1973, મુંબઇના થાનેમાં જન્મેલી મલાઇકા હાલમાં 52 વર્ષની છે. ગમે તે હોય પણ મલાઇકા 'એજ લાઇક અ વાઇન'ની જેમ ઘરડી થઇ રહી છે. ●

## દિલજીતના ગીતમાં નથી કઈ ઠીક



દિલજીત દોસાંઝનું એક ગીત આવ્યું જેમાં મિસ વર્લ્ડ 2017 માનુષી છિલ્લર પણ છે. આ ગીત તેના પાછલા ગીતની જેમ યુટ્યુબ પર ટોપ-10માં ટ્રેન્ડ થઇ રહ્યું છે- પણ ટ્રેન્ડિંગની સાથે આ વખતે કોન્ટ્રોવર્સી પણ આવી છે. વાયરલ થયેલા ગીતમાં એક વિવાદાસ્પદ શોટ આવે છે- દિલજીત એક મહિલાની પાછળ ઊભો જોવા મળે છે જ્યારે તે નાટકીય રીતે તેના પગ ઊંચા કરે છે અને ગીતના શબ્દો છે, "જન્નત દે દરવાજા કુડીયે" એ સીને ઝડપથી સોશિયલ મીડિયાનું ધ્યાન ખેંચ્યું તેની ભારે ટીકા થઈ. મીમ્સ અને જોક્સ સોશિયલ મીડિયા પર છવાઈ ગયા એ હદે કે દિલજીત દોસાંઝે તે માટે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ કર્યું અને એમાં કહ્યું કે, ભાઈ, હું તો ત્યાં જ ઊભો હતો... મને ખબર પણ નહોતી કે મારી આસપાસ શું ચાલી રહ્યું છે!" તો માનુષી છિલ્લરે આ ટ્રોલિંગ બાબતે X પર લખ્યું કે, "(એ પગ) મારા નથી »iykyk. પણ શું આપણે પ્લીઝ તે ડાન્સરને અનાદર ન કરીએ? જે ફક્ત તેનું કામ કરી રહી હતી?" અને હવે સોશિયલ મીડિયા પર લોકોએ કોમેન્સ્ટર્સનો મારો ચલાવ્યો હતો એટલે હવે આ વાયરલ શોટની કોન્ટ્રોવર્સીને લીધે આ ગીત ટ્રેન્ડ કરે છે? તે પણ ચર્ચાનો વિષય છે. ●



## રાત ગઈ વાત ગઈ...

દર ગુરુવારે 'ટુ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ' આ શોના નવા એપિસોડ સાથે નવી કોન્ટ્રોવર્સી આવે છે. તેમાં 'ટૂ મચ' કરતી ટ્વિંકલની ટિપ્પણી કહો કે જાન્હવીને જે સલાહ આપી તે ખૂબ વાયરલ થઇ છે. કરણ અને જાન્હવી આ બંને ટ્વિંકલ અને કાજોલનાં શોમાં મહેમાન બન્યા હતા. ત્યારે બેવફાઇ વિશે ચર્ચા ચાલી રહી હતી જેમાં જાન્હવીએ ફિઝિકલ ચીટિંગને ડીલબ્રેકર ગણાવી હતી પણ ટ્વિંકલે તો પાણીમાં આગ લગાવતા કહ્યું, 'રાત પૂરી વાત પૂરી થઈ અને હવે લોકો ટ્વિંકલને બરાબર ટ્રોલ કરી રહ્યા છે. શું ઈમોશનલ ચીટિંગ એ ફિઝિકલ ચીટિંગ કરતાં પણ ખરાબ છે? તેમાં ચારમાંથી જાન્હવી એકલી હતી જે માનતી હતી કે જીવનસાથીની ફિલીઝકલ ચીટિંગ સંબંધ તોડી શકે છે, જ્યારે કરણ, કાજોલ, ટ્વિંકલ માનતા હતા કે ઈમોશનલ ચીટિંગ તેનાથી પણ ખરાબ છે. આમાં ટ્વિંકલએ ચર્ચા પર ભાર મૂકતા કહ્યું, 'આપણે ઉંમરના ૫૦માં વર્ષમાં છીએ, જાન્હવી તો 25 ની છે. તેણે હજુ સુધી આપણે જે જોયું તે નથી જોયું. જવા દો રાત ગઈ, બાત ગઈ.' હવે આ વાત પર ટ્વિન્કલ જ્યારે 25ની હતી તે યાદ કરી રહ્યા છે. જ્યારે 2001 માં અક્ષય કુમાર સાથે લગ્ન કર્યા પહેલા અક્ષયની સગાઈ રવિના ટંડન સાથે થઈ હતી. તે શિલ્પા શેટ્ટીને પણ ડેટ કરતો હતો. જોકે 'ધડકન' ફિલ્મના શૂટિંગ દરમિયાન તેમનું બ્રેકઅપ થઈ ગયું. ●